# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2024** **Midday : 2.30 to 2.40**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI ADDRESS

દેશ આજે 78મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. મુખ્ય સમારોહ આજે સવારે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર યોજાયો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રને સંબોધન કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 78મા સ્વાતંત્ર્ય પર્વની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે એ શુભ ક્ષણ છે, જ્યારે આપણે દેશની આઝાદી માટે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોને યાદ કરીએ. પ્રધાનમંત્રીએ ઉમેર્યું, અમે કોઈ પણ રાજકીય મજબૂરીના કારણે નહીં, પરંતુ નેશન ફર્સ્ટની ભાવનાની સાથે પરિવર્તન કર્યા છે, જેમાં સૌથી મોટું ઉદાહરણ બેન્કિંગ ક્ષેત્રમાં થયેલું પરિવર્તન છે.

પ્રધાનમંત્રી કહ્યું, સર્વોચ્ચ અદાલતે વારંવાર સમાન નાગરિક સંહિતા – UCCની ચર્ચા કરી છે. તેમણે કહ્યું, દેશમાં સાંપ્રદાયિક નાગરિક સંહિતા છે અને તેને ધર્મનિરપેક્ષ બનાવવી જોઈએ.

**(ઓડિયો – પ્રધાનમંત્રી – સિવિલ કોડ)**

પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન તમામ રાજકીય દળોને વન નેશન વન ઇલેક્શન અંગે આગ્રહ કરતા આ મુજબ જણાવ્યું....

**(ઓડિયો – પ્રધાનમંત્રી - વન નેશન વન ઇલેક્શન)**

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને વિકસિત ભારત એટ 2047 માટે આપેલા અનેક સૂચનનો પણ ઉલ્લેખ કર્યો.

# NADIAD INDEPENDENCE CM CELEBRATION

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખેડા જિલ્લાના નડિયાદ ખાતે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કરાઈ હતી. મુખ્યમંત્રીએ અહીં તિરંગો લહેરાવીને સલામી આપી હતી. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલના બલિદાનને યાદ કર્યા.

(BYTE . **ભુપેન્દ્ર પટેલ**, **મુખ્યમંત્રી**)

આ પ્રસંગે જિલ્લા સાંસદ દેવુસિંહ ચૌહાણ સહિત સ્થાનિક ધારાસભ્યો, નેતાઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. 2 કલાકના સમગ્ર કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં નગરજનો અને જિલ્લાવાસીઓ જોડાયા હતા.

# GOVERNOR CELE

78માં સ્વતંત્રતા દિવસ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ધ્વજવંદન પછી રાજ્યપાલે રાજભવન પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું.

# Independence Day- MINISTER'S

રાજ્યમાં વિવિધ જીલ્લાઓમાં મંત્રીઓના વડપણ હેઠળ સ્વતંત્રતા સમારોહની ઉજવણી કરવામાં આવી, જેમાં...

વલસાડના પારડીમાં રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ તિરંગો ફરકાવી આઝાદીના પર્વની ઉજવણી કરી. આ પ્રસંગે તેમણે સ્માર્ટ પ્લગ એન્ડ

પ્લે પાર્ક અંતર્ગત વલસાડ જીલ્લામાં સી- ફૂડ પાર્ક બનશે તેવી પણ જાહેરાત કરી હતી.

તો રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઇ દેસાઇએ સુરતમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગુજરાત આજે વૈશ્વિક ક્ષેત્રે સેમીકંડકટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોના કેન્દ્ર તરીકે સ્થાપિત થઇ રહ્યું છે..

બોટાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ધ્વજવંદન કર્યા બાદ સામાજિક વનીકરણ વિભાગ અને શહેરી વન વિભાગનું લોકાર્પણ કર્યું હતું..

ઉદ્યોગ, શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે કચ્છના ગાંધીધામ શહેરના રમતગમત સંકુલ ખાતે તિરંગાને સલામી આપી ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી.. આ પ્રસંગે મંત્રીશ્રીએ વિવિધ શાળાના બાળકો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા.. ત્યારબાદ પોલીસ વિભાગ દ્વારા 'ડૉગ શૉ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ગીર સોમનાથ ખાતે મહિલા અને બાળ વિકાસમંત્રી ભાનુબહેન બાબરિયાની અધ્યક્ષતામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.. આ પ્રસંગે પ્રશંસનીય અને મહત્વપૂર્ણ કામગીરી કરનાર કર્મચારીઓ અને અધિકારીઓનું મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરાયું,.. ઉપરાંત, મંત્રીશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીને તાલુકાના વિકાસ માટે ૨૫ લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો.

ડાંગ જિલ્લાના આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાની ઉપસ્થિતીમાં ધ્વજવંદન કરવામાં આવ્યું..

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડિંડોરની ઉપસ્થિતિમાં ધ્વજવંજન કરવામાં આવ્યું..

તાપી જિલ્લાના વ્યારા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યમંત્રી મુકેશ પટેલે તો નવસારીમાં આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિની અધ્યક્ષતામાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી અને બંને જિલ્લાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા લોકોનું સન્માન કર્યું હતું,

રાજ્યમંત્રી કુંવરજી બાવળીયાએ અમરેલી જિલ્લાકક્ષાની ઉજવણીમાં ભાગ લીધો..

ભાવનગરના તળાજા ખાતે મત્સ્યોદ્યોગ અને પશુપાલન રાજ્ય મંત્રી પરસોત્તમ સોલંકીની ઉપસ્થિતિમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઇ.. આ પ્રસંગે મંત્રીશ્રીએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું..

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દાદરા નગર હવેલી અને દમણ- દીવના પ્રશાસક પ્રફુલ પ્રફુલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન પોલીસ અને કોસ્ટગાર્ડ દ્વારા પરેડનું આયોજન કરવામાં આવ્યું.

તો ગાંધીનગર, રાજકોટ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, ભરૂચ, નર્મદા, મહિસાગર, પાટણમાં જીલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો..

## BJP OFFICE CELE

78મા સ્વતંત્ર પર્વ નિમિત્તે આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશના મહામંત્રી તેમજ પ્રદેશ મુખ્યાલય ઇન્ચાર્જ રજનીભાઇ પટેલે તિરંગો ફરકાવી દેશને આઝાદી અપાવવા આહુતી આપનાર વિરજવાનોને નમન કર્યા.

ધ્વજ વંદનના કાર્યક્રમમા પ્રદેશના વિવિધ હોદ્દેદારો, સાંસદો, ધારાસભ્યો તેમજ મોટી સંખ્યામા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# Independence Day-DIST.

રાજ્યભરમાં 78માં સ્વતંત્રતા પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી...

ગુજરાતની વડી અદાલતના પરિસર ખાતે ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું..

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ કાર્યાલય પરિસરમાં 78માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી..

પાટણ જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અમારા પ્રતિનિધિ રમેશ સોલંકીએ હર ઘર તિરંગા ઝુંબેશમાં ભાગ લેનારા નર્સિંગના વિદ્યાર્થિની ખુશી સોલંકી સાથે વાત કરી...

**(બાઇટ- ખુશી સોલંકી- વિદ્યાર્થીની)**

પાટણ એ.સી.બી.પોલીસ સ્ટેશન દ્વારા ધ્વજ વંદન સાથે ફરીયાદીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો..

મહીસાગર જિલ્લાના 6 તાલુકામાં 77 અમૃત સરોવર પર ધ્વજવંદન કાર્યક્રમ અંતર્ગત તિરંગા યાત્રા, વૃક્ષારોપણ અને ટકાઉ વિકાસ અંગે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

તો પોરબંદરમાં મધદરિયે તિરંગો ફરકાવવામાં આવ્યો..

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથને કેસરી, સફેદ અને લીલા વસ્ત્રોથી આભૂષિત કરવામાં આવ્યા અને મંદિરના ટ્રસ્ટીએ મંદિર પરિસરમાં જ ધ્વજવંદન કર્યું.

દ્વારકાના જગતમંદિરના શિખર ઉપર રાષ્ટ્રપ્રેમની ધજા ચડાવવામાં આવી..

યાત્રાધામ પાવાગઢના ઐતિહાસિક કિલ્લા પર પણ સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા..

અમદાવાદ આકાશવાણી પરિસરમાં કાર્યાલય અધ્યક્ષ એન.એલ. ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના વડા ભરત દેવમણિ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ધ્વજવંદન કરાયું અને એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત સામૂહિક વૃક્ષારોપણ કરાયું.